PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૪/ક્વા–૦૩/૧૬–૧૭/ ૧૦૯૯૩ તા. ૦૭/૧૨/૧૬

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
વસંતભાઈ કેશવજીભાઈ સભાયા,
વાવડી–૩૫, પ્લોટ નં.: ૦૨, શેડ નં.–૦૩,,
સત્યનારાયણ વે બ્રીજ પાસે,
પટેલ ચોક, ગોડલ રોડ,
વાવડી–રાજકોટ
મો: ૯૮૨૪૫ ૧૫૧૨૯, ૯૯૨૫૦ ૬૮૨૯૮

**વિષય :–ઓર્દ્યોગીક વીજજોડાણ મા નામ બદલી બાબત**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૨૫–૧૧–૧૬ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૩૪/ક્વા–૦૩/૧૬–૧૭ )**

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
ક્ન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ૦૫)

**નકલ રવાના :**
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વાવડી (અર્બન) પેટા વીભાગીય કચેરી, રાજકોટ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

**નકલ સાદર રવાના :**
(૧) માન. મેનેજીંગ ડિરેક્ટર શ્રી, પીજીવીસીએલ, નિગમીત કચેરી, રાજકોટ
(૨) મુખ્ય ઈજનેર (ટેક), પીજીવીસીએલ, નિગમીત કચેરી, રાજકોટ

... રાજકોટ શહેર વિભાગીય કચેરી નં.–૩ હેઠળ ના, વિકસીત વિસ્તાર મા આવેલ, ખાસ કરીને, જે તે સમયે વિભાજીત થયેલ એવી વાવડી રોડ અને મવડી રોડ પેટા વિભાગીય કચેરી હેઠળ ના, ઓર્દ્યોગીક વિસ્તારો માહેના નવા ઓર્દ્યોગીક વીજજોડાણકારો ના, સદર મુજબ ના, સામાન્યતઃ પ્રશ્નના નિરાકરણ માટે, અગાઉ આપ શ્રી ની કક્ષાએથી થયેલ સુચન, તેમજ અત્રેના ફોરમ તરફથી પણ અપાયેલ અગાઉ ના હુકમો અન્વયે ના માર્ગદર્શક ઘોરણ ના આનુષાંગીક જ હોય, જે કંપની કક્ષાએથી જ, નિરાકરણ થવાને પાત્ર હોય, તેને અનુલક્ષીને થયેલ સદર હુકમ ની નકલ, આ સાથે આપ શ્રી ની સાદર જાણ સારૂ રજુ કરાયેલ છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૩૪/કવા–૦૩/૧૬–૧૭ | કમિટિ મીટીંગ તા.૦૬–૧૨–૧૬ | સ્થળ :–રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

અરજદાર (ફરીયાદી) : નામ: વસંતભાઈ કેશવજીભાઈ સભાયા,ગામ: રાજકોટ

રજુઆત કરનાર : અરજદાર શ્રી વસંતભાઈ કેશવજીભાઈ સભાયા હાજર રહેલ હતા.

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : વાવડી (અર્બન) પેટા વીભાગીય કચેરી, રાજકોટ (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ)

રજુઆત કરનાર :એચ.બી.પરમાર, કાર્યપાલક ઈજનેર શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ

## : હુકમ :

**ફરીયાદ : ઓર્ધોગીક વીજજોડણ મા નામ બદલી બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચાઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી એ, અગાઉ '' રાજેશ હરીલાલ મહેતા '' ના નામના '' ઓર્ધોગીક વીજજોડાણ નં.: ૩૪૫૧૪/૦૧૯૦૫/૪ '' વાળો શેડ/ જમીન સાથે ખરીદેલ છે. અને સદર ખરીદી ના જરૂરી તમામ દસ્તાવેજીક પેપર્સ સાથે, તેઓ શ્રી ની તા.૨૧–૦૯–૧૬ ના રોજ, પીજીવીસીએલ ની સબંધક વાવડી રોડ પેટા વિભાગીય કચેરી મા, '' હાલ ના તબ્બકા ની તેમની માલીકી ના જોડાણ નં. : ૩૪૫૧૪/૦૧૯૦૫/૪ '' ને અગાઉ ના ગ્રાહક શ્રી રાજેશ હરીલાલ મહેતા ના નામ પરથી, તેઓ શ્રી એટલેકે શ્રી વસંતભાઈ કેશવજીભાઈ સભાયા ના નામ પર – ઓર્ધોગીક વીજજોડાણ મા ની નામ બદલી ની અરજી – જે પીજીવીસીએલ ની સબંધક વાવડી રોડ પેટા વિભાગીય કચેરી મા, રજુ કરેલ હોવા છતા, નામ બદલી માટે કોઈ કાર્યવાહી સદર કચેરી તરફથી થયેલ નથી. |
| ૧.૨ | અરજદાર ખાસ જણાવે છે કે, તેઓ શ્રી એ જ સદર જોડાણ વાળા સ્થળ, એટલેકે શેડ ની જમીન, જે ખરીદેલ હોવાની બાબત બીલકુલ સત્ય છે. પરંતુ, અગાઉ વર્ષો પહેલા, ગામ વાવડી સર્વે નંબર ૩૫ પૈકી ની જમીન પર, બીન ખેતી થયા બાદ, ઓર્ધોગીક પ્લોટ નંબર : ૦૧ થી ૧૨ થયેલ છે, અને ત્યારબાદ સદર ઓર્ધોગીક પ્લોટ પર, ૦૮ થી ૧૦ જેટલા ઓર્ધોગીક શેડ ઉભા થયેલ છે. અને આ તમામ શેડ મા, જે તે સમયે અગાઉ ઓર્ધોગીક વીજજોડાણો, જે મહદઅંશે એકી સાથે અપાયેલ છે. આમ, એકી સાથે ની જોડાણ ની જે તે સમય ની તમામ અરજીઓ સાથે, જે તે શેડ / જમીન ને સમર્થન આપતા દસ્તાવેજીક પેપર્સ,ઈન્ટરચેન્જ થવાના કારણોસર, જે યથાર્થ કેસ સાથે, મુળ કેઈસ ફાઈલ મા યોગ્ય રીતે રખાયેલ ન હોવાના કારણોસર, ' ' તેઓ શ્રી એ ખરેખર – વાવડી ગામ ના સર્વે નંબર ૩૫ પૈકી ૨ ના, પ્લોટ નં.–૧ +૨ ની જમીન પર આવેલ, શેડ નં.–૩ મા આવેલ, જોડાણ નં.: ૩૪૫૧૪/૦૧૯૦૫/૪ વાળુ સ્થળ જ '' તેઓ શ્રી એ "શ્રી રાજેશભાઈ હરીલાલ મહેતા" પાસેથી તા.૧૨–૧૧–૧૦ ના રોજ ખરીદેલ છે, પરંતુ, પ્લોટ નં.–૧૨ વાળુ સ્થળ ખરેખર ખરીદેલ નથી. તેઓ શ્રી ના પ્લોટ નં.–૧ +૨ ની જમીન પર ના બાંધકામ થયેલ શેડ નં.–૩ મા આવેલ આ જોડાણ ના નિયમીત બીલ ના સરનામા મા પણ, પ્લોટ નં.–૧ +૨ ને બદલે પ્લોટ નં.–૧૨ દર્શાવવા મા આવેલ છે. આ બાબત ને ભુલ – સુધારાણા ના ભાગરૂપ લઈ અને – પ્લોટ નં.–૧ થી પ્લોટ નં.–૧૨ મા બનાવવામા આવેલ એવા અગાઉ ના તમામ શેડ ના જોડાણો ના કેસ પેપર સાથે ખરાઈ કરીને, જો દસ્તાવેજીક પેપર્સ ઈન્ટરચેન્જ થયેલ હોય, તે દસ્તાવેજીક પેપર્સ યોગ્ય કેઈસ ફાઈલમા ગોઠવીને, જે તે જોડાણ ની કેઈસ ફાઈલને કાયદેસર અને યોગ્ય કરીને, તે મુજબ કંપની કક્ષાએથી યોગ્ય કાર્યવાહી કરવાની બાબત તેઓ શ્રી ના કેઈસ મા જરૂરી છે. તદ ઉપરાંત, અગાઉ ના ફોરમ ના માર્ગદર્શક નિર્ણય મુજબ ના ધોરણે, '' સ્થળ પર રૂબરૂ ઉપસ્થિત રહી અને '' જોડાણ વાળા સ્થળ ની મુકરર જગ્યા નુ રોજકામ કરી, એ મુજબ મુકરર જગ્યા નિયત કરી, નિયમાધીન માન્ય રાખી અને નામ બદલી ની અરજી માન્ય રાખી, નોંધણીચાર્જ વસુલ કરી, અને નામ બદલી મંજુરી ની કોઈ કાર્યવાહી ન થયેલ હોવાના કારણોસર, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ :** **પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| **૨.** | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ, ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| **૨.૧** | ફરીયાદી અરજદાર શ્રી એ, વાવડી ગામ ના સર્વે નંબર : ૩૫ પૈકી ૨ ની જમીન પર ના, બીન ખેતી થયેલ પ્લોટ નંબર : ૧ તેમજ પ્લોટ નંબર : ૨ ની સંયુકત જમીન પર બાંધકામ થયેલ ઓર્દ્યોગીક શેડ માહેના, શેડ નં.–૩ મા આવેલ, અગાઉ ના શ્રી રાજેશભાઈ હરીલાલા મહેતા ના નામ પર ના, ઓર્દ્યોગીક વીજજોડાણ નં.: ૩૪૫૧૪/૦૧૯૦૫/૪ (૧૨ કીવો) વાળી જગ્યા, તેઓ શ્રી એ '' શ્રી રાજેશભાઈ હરીલાલ મહેતા '' પાસેથી તા.૧૨–૧૧–૧૦ ના દસ્તાવેજ થી ખરીદેલ છે. અને, તેઓ શ્રી ના એટલેકે શ્રી વસંતભાઈ કેશવજીભાઈ સભાયા ના નામ પર, શેડ નં.–૩ મા આવેલ સદર જોડાણ મા, નામ બદલી મેળવવા માટે ની, પીજીવીસીએલ ની સબંધક વાવડી રોડ પેટા વિભાગીય કચેરી મા તા.૨૧–૦૯–૧૬ ના રોજ, જરૂરી દસ્તાવેજીક પેપર્સ સાથે ની, નિયત અરજી ફોર્મ સાથે ની અરજી રજુ કરેલ છે. |
| **૨.૨** | ફરીયાદી અરજદાર શ્રી ની સદર નામ બદલી ની અરજી અને તેની સાથે જોડેલ દસ્તાવેજીક પેપર્સ ની ચકાસણી કરતા જણાયેલ છે કે, '' ફરીયાદી અરજદાર શ્રી ની નામ બદલી ની માંગણી મુજબ નુ જોડાણ નં. : ૩૪૫૧૪/૦૧૯૦૫/૪ '' વાળા ગ્રાહક નંબર વાળી / વાળા સ્થળ ની – જે '' સદર જોડાણ ના મુળ ગ્રાહક શ્રી રાજેશભાઈ હરીલાલા મહેતા ના નામ ના, સદર જોડાણ નં.: ૩૪૫૧૪/૦૧૯૦૫/૪ '' ની કેઈસ ફાઈલ ચકાસણી કરતા, '' સદર જોડાણ, જે સર્વે નંબર : ૩૫ પૈકી ૨ ના પ્લોટ નં.–૧૨ ના શેડ નં.–૨ મા અગાઉ અપાયેલ '' હતુ. જ્યારે, ફરીયાદી અરજદાર શ્રી એ, તેમની સદર નામ બદલી ની અરજી સાથે, '' મુળ જગ્યા વાળા – વાવડી ગામ ના સર્વે નંબર : ૩૫ પૈકી ૨ ના પ્લોટ નં.–૧૨ ના શેડ નં.–૨ ને બદલે, પ્લોટ નં.–૧ +૨ ની સંયુકત જમીન પર બાંધકામ થયેલ એવા– શેડ નં.–૩, જે શ્રી રાજેશભાઈ હરીલાલા મહેતા પાસેથી ખરીદીનો, તા.૧૨–૧૧–૧૦ નો ખરીદ દસ્તાવેજ" રજુ કરેલ છે. આમ, '' મુળ જોડાણ વાળા સ્થળ મા આવેલ સવાલવાળા જોડાણ નં. : ૩૪૫૧૪/૦૧૯૦૫/૪ ની મુળ જમીન તેમજ મુળ શેડ '' ને સમર્થન આપતો દસ્તાવેજીક પેપર્સ, જે ફરીયાદી અરજદાર તરફથી પીજીવીસીએલ મા રજુ કરાયેલ ન હતો. જેથી, પીજીવીસીએલ ની સબંધક વાવડી રોડ પેટા વિભાગીય કચેરી તરફથી, ફરીયાદી અરજદાર શ્રી ને, '' માંગણી મુજબ ના જોડાણ ના સ્થળ '' ની જમીન તેમજ શેડ ને યર્થાથ હોય તે મુજબ નો દસ્તાવેજીક પેપર, પીજીવીસીએલ મા રજુ કરવાનો, તા.૨૧–૧૦–૧૬ ના રોજ લેખીત પત્ર નં.: ૭૭૪૮ આપેલ છે. તદ ઉપરાંત, વારંવાર ટેલીફોનીક યાદીઓ પણ આપેલ છે. તેમ છતા, આજદિન સુધી, સદર બાબતે ની વિસંગતતા ની પૂર્તતા ફરીયાદી અરજદાર તરફથી કરાયેલ ન હોવાના કારણોસર, ફરીયાદી અરજદાર શ્રી ની માંગણી મુજબ, સદર જોડાણ નં.: ૩૪૫૧૪/૦૧૯૦૫/૪ મા નામ બદલી ની કાર્યવાહી થઈ શકેલ નથી. જેથી હવે, ફરીયાદી અરજદાર તરફથી સદર વિસંગતતા ની પૂર્તતા થયા બાદ જ, પીજીવીસીએલ તરફથી તેમની માંગણી મુજબ ના જોડાણ મા નામ બદલી ની કાર્યવાહી હાથ ધરી શકાશે. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| **૩** | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ, અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો – ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની, વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૧** | ખાસ કરીને, મવડી / વાવડી ગામો ખાતે ના જુદા જુદા સર્વે નંબરો ની મુળ ખેતીવાડી ની જમીન, જે બીનખેતી થયા બાદ, આવી ખેતીવાડી ની જમીન પર, ઓર્દ્યોગીક હેતુ માટે ના સબપ્લોટીગ થયેલ હતા. અને આવા ઓર્દ્યોગીક હેતુ માટે ના સબપ્લોટીગ પર, સબ પ્લોટ વાળી જમીન ના મુળ માલીકો દ્વારા અથવા તો મુળ માલીકો પાસેથી સબપ્લોટીગ ની જમીન ખરીદનારો દ્વારા '' ઓર્દ્યોગીક શેડ '' ના બાંધકામ થયેલ હતા. અને તે મુજબ, આવી ઓર્દ્યોગીક હેતુ માટે ની જમીન પર બાંધકામ થયેલ એવા '' ઓર્દ્યોગીક શેડ'' મા – જે મુળ સબપ્લોટ વાળી જમીન ના માલીકો અથવા તો મુળ માલીકો પાસેથી ખરીદનાર વ્યકિતઓ દ્વારા બનાવાયેલ આવા ઓર્દ્યોગીક શેડ ના, જેતે સમયના માલીકો / કાયદેસર ના ઉપભોકતાઓ દ્વારા – અગાઉ, આવી જમીન ના માલીકો ના નામ પર અથવા તો શેડ ના માલીકો ના નામ પર, ( આ મુજબ ની જમીન / શેડ ની થયેલ ખરીદ અને વેચાણ ના હકક મુજબ ના ધોરણે ના, નિયત અરજી ફોર્મ સાથે દસ્તાવેજીક પેપર્સ રજુ કરીને – આવા જે તે ઉપભોકતાઓ દ્વારા) આવા ઓર્દ્યોગીક શેડ મા, ઓર્દ્યોગીક વીજજોડાણ મેળવવા માટે ની, વ્યકિતગત પણા હેઠળ ની નિયત અરજીઓ ( જે તે જમીન ના પ્લોટ પર બાંધકામ થયેલ શેડ મા, ઓર્દ્યોગીક વીજજોડાણ મેળવવા માટે ની સંખ્યાબંધ અરજીઓ) જે – એકી સાથે ની અરજીઓ – જે, આશરે ૦૮ થી ૧૦ વર્ષ પહેલા, પીજીવીસીએલ ની, તે સમય ની વિભાજીત થયેલ અને નવી અસ્તવીત્વ મા આવેલ એવી મવડી / વાવડી રોડ પેટા વિભાગીય કચેરીઓ સમક્ષ, જે – ઈલેકટ્રીકલ સુપરવાઈઝર નુ લાયસન્સ ધરાવનાર એવા વ્યવસાયીક એજન્ટ / સલાહકારો મારફત પીજીવીસીએલ મા અગાઉ નોંધાયેલ હતી. |

| | |
|---|---|
| **૩.૨** | ઉપરોક્ત મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે ની, જે તે સમય ની નવી અસ્તવીત્વ મા આવેલ એવી પેટા વિભાગીય કચેરીઓ ના કાર્યક્ષેત્ર હેઠળ ના, સદર મવડી / વાવડી વિસ્તાર ના – નવા વીકસીત એરીયા મા, ''ઈલેકટ્રીકલ સુપરવાઇઝર નુ લાયસન્સ ધરાવનાર એવા વ્યવસાયીક એજન્ટ / સલાહકારો મારફત તૈયાર કરી અને નોધાયેલ એવી સંખ્યાબંધ એવી અરજીઓ ના, નિયત અરજી ફોર્મ મા દર્શાવ્યા મુજબ ના પ્લોટ નંબર અને શેડ નંબર પણ, જે અરજી સાથે જોડેલ દસ્તાવેજીક પેપર્સ સાથે, જે ઘણી અરજીઓ વાળા કેઈસ મા સુસંગત ન હતા. આમ થવાથી, સબંધક પેટા વિભાગીય કચેરીઓ દ્રારા પ્રત્યેક નવા ઓર્ધોગીક વીજજોડાણકાર ને, તેઓ શ્રી ની, મુળ જમીન ના પ્લોટ નંબર તેમજ શેડ નંબર ની વિસંગતતા વાળી અરજીની નોંધણી બાદ, જે તે પ્લોટ નંબર પર બાંધકામ થયેલ શેડ મા, તેઓ શ્રી ને માંગણી મુજબ ના નવા ઓર્ધોગીક વીજજોડાણો અપાયેલ હોવાની બાબત મહદઅંશે, સબંધક કચેરીઓ માટે વાસ્તવિક અને રેકર્ડ આધારીત છે. |
| **૩.૩** | ઉપરોક્ત મુદદા નં. ૩.૧ અને ૩.૨ મુજબ ની વિગતે ની, વિસંગતતાઓ વાળી અરજીઓ ના અનુસંધાને, વિસંગતતા યુકત એવા શેડ મા, નવા અપાયેલ ઓર્ધોગીક વીજજોડાણ ની કેઈસ ફાઈલો પણ, સબંધક કચેરી મા ઉપલબ્ધ રહેલ છે. પ્રથમ અપાયેલ નવા જોડાણો ચાલુ થયા બાદ, જોડાણો વાળા સ્થળ ખરીદનાર તરફથી, સદર મુળ જોડાણ મા નામ બદલી / વીજભાર વધારા –ઘટાડા ની અરજી સમયે, સબંધક કચેરી ને, મુળ જોડાણ ની કેઈસ ફાઈલ મા રહેલ સદર વિસંગતતાઓ ના કારણોસર, આ મુજબ ની નામ બદલી / વીજભાર વધારા – ઘટાડા ની મંજુરી માટે ની પ્રક્રીયા મા વહીવટીય સમસ્યાઓ / વિટંબણાઓ પણ, અગાઉ વારંવાર ઉભી થયેલ છે. આવા કારણોસર, આ મુજબ ના, મુળ નવા / નામ બદલી / વીજભાર વધારા – ઘટાડા વાળા અરજદારો ને પણ આ બાબતે, પીજીવીસીએલ સમક્ષ મહદઅંશે ફરીયાદો, જે ભુતકાળ મા રહેલ હતી. પીજીવીસીએલ કક્ષાની આ મુજબ ની વિસંગતતાઓ દ્રારા ઉપસ્થિત થતા પ્રશ્ન બાબતે ની, આશરે ૫૦ થી વિશેષ એવી નવા અરજદારો ની ફરીયાદો, જે અગાઉ વર્ષ–૨૦૧૧ થી વર્ષ–૨૦૧૪ દરમ્યાન ફોરમ સમક્ષ નોધાયેલ હતી. તદ ઉપરાંત, આ મુજબ ના નવા અરજદારો ના સમુહ તરફથી, પીજીવીસીએલ વીજકંપની ના સક્ષમ વડા સમક્ષ પણ આ મુજબ ની લેખીત ફરીયાદો તેમજ મૌખીક રજુઆતો મહતમ રહેલ હતી. |
| **૩.૪** | ઉપરોક્ત મુદદા નં. ૩.૩ મુજબ ની વિગતે ની ખાસ કરીને, ઉપરોક્ત મુદદા નં. ૩.૧ અને ૩.૨ મા વર્ણવેલ વિગતો ના કારણોસર વાળી, પીજીવીસીએલ ની સબંધક કચેરી કક્ષાની વિસંગતતા, જે '' મુળ જોડાણ ની મુળ કેઈસ ફાઈલ મા રહેલ, મુળભૂત જમીન ના પ્લોટ નંબર તેમજ તે પ્લોટ મા થયેલ બાંધકામ ના શેડ નંબર ની યોગ્યતા દર્શાવતા ન હોય તેવા દસ્તાવેજીક પેપર્સ, અને મુળ જોડાણ ચાલુ થયા પછી, નામ બદલી વીજભાર વધારા વગેરે ફેરફાર થયા પછી ના અધ્યતન સ્થિતી ના દસ્તાવેજીક પેપર્સ વગેરે વાળી, અગાઉ ના સમય ની વિસંગતતાઓ, જે '' કાર્યપાલક ઈજનેર શ્રી ની સીધી રાહબારી, દોરવણી અને માર્ગદર્શન હેઠળ, સબંધક પેટા વિભાગીય કચેરી કક્ષાએથી'' દુર કરવાની બાબત પણ ( અત્રે એ ખાસ જણાવવાનુ કે, મુળ જોડાણ ની કેઈસ ફાઈલ મા, શરૂઆત થી માંડી ને અધ્યતન સ્થિતી ના દસ્તાવેજીક પેપર્સ મા રહેલ આવી વિસંગતતાઓ– જે ખાસ કરીને, આવા જોડાણો વાળા સ્થળ પર, ભવિષ્યમા થતા અકસ્માત / પાવરચોરી ના બનાવો તેમજ, વીજકંપની ની બાકી લેણી વસુલાત બાબતો ના કારણોસર, ભવિષ્યમા વીજકંપની ની સામે ઉપસ્થિત થતી કાનુનન બાબતો, – જે પીજીવીસીએલ માટે, ભવિષ્યમા કાનુનન પડકારરૂપ એવી સમસ્યારૂપ ન બને, તેવા આગવા હેતુ થી જ, સબંધક કચેરી કક્ષાએથી વિસંગતતાઓ દુર કરવા માટે, ચોકકસ ઝુંબેશ મુજબ નુ આયોજન, જે નિયમાધીન અંતર્ગતની બાબતો હેઠળ, ખાસ જરૂરી જણાયેલ છે.) પીજીવીસીએલ ના સક્ષમ વડા તરફથી સુચીત થયેલ છે. તદ ઉપરાંત, વર્ષ–૨૦૧૧ થી ૨૦૧૪ સુધી ના સમયગાળા મા પણ, ફોરમ કમિટી તરફથી, આવી વિસંગતતા યુકત ફરીયાદો ના નિકાલ ના હુકમો પણ, આ મુજબ ની બાબતો ને અનુલક્ષીને થયેલ છે. |
| **૩.૫** | ફરીયાદી અરજદાર શ્રી એ, ફોરમ સમક્ષ રજુ કરેલ રેકર્ડ મુજબ – ફરીયાદી અરજદાર શ્રી વસંતભાઈ કેશવજીભાઈ સભાયા એ, વાવડી ગામ ના સર્વે નંબર ૩૫ પૈકી ૨ ની ખેતીવાડી ની, બીન ખેડવાણ થયેલ જમીન પર ના, પ્લોટ નં.–૧ તથા પ્લોટ નં.–૨ ની સંયુકત જમીન ( ૧૯૦.૮૬ મીટર + ૧૯૬.૪૬ મીટર = ૩૮૭.૩૨ મીટર) જે '' એમાલગેમેશન ( બન્ને પ્લોટ એકત્રીત થતા – સંયુકત જમીન વાળો કુલ ૩૮૭.૩૨ મીટર નો પ્લોટ ) જે સંયુકત પ્લોટ વાળી કુલ ૩૮૭.૩૨ મીટર ની જમીન, વાળા પ્લોટ નુ ત્યારબાદ, '' પ્રત્યેક ૭૭.૪૩ મીટર મા, કુલ ૦૫ સબપ્લોટ મા વિભાજીત થયેલ હોય'' તે માહે ની – કુલ ૦૫ સબપ્લોટ વાળી જમીન પર બાંધકામ કરાયેલ ઓર્ધોગીક શેડ નંબર–૦૩ વાળુ સ્થળ, કે જેમા, શ્રી રાજેશભાઈ હરીલાલા મહેતા ના નામનુ હૈયાત કને. નં.: ૩૪૫૧૪/૦૧૯૦૫/૪ આવેલ હોય, તે જમીન, જે મુળમાલીક શ્રી રાજેશભાઈ હરીલાલા મહેતા પાસેથી, તા.૧૨–૧૧–૧૦ ના રોજ ખરીદેલ છે. આમ, એ બાબત સ્પષ્ટ છે કે, ફરીયાદી અરજદાર શ્રી એ હૈયાત જોડાણ નં. : ૩૪૫૧૪/૦૧૯૦૫/૪ વાળુ સ્થળ, જે સ્થળ ના મુળ માલીક અને પીજીવીસીએલ ના મુળ ગ્રાહક '' શ્રી રાજેશભાઈ હરીલાલ મહેતા '' પાસેથી ખરીદેલ છે. ફરીયાદી અરજદાર શ્રી વિશેષ સ્પષ્ટતા સાથે જણાવે છે કે, તેઓ શ્રી એ ખરીદેલ સદર પ્લોટ નં.–૧ +૨ ની જમીન પર કુલ ૦૫ ઓર્ધોગીક શેડ આવેલા છે. તેમજ, સદર સ્થળ ની નજીક જ એવા પ્લોટ નં.–૧૨ ની જમીન પર કુલ ૦૩ ઓર્ધોગીક શેડ પણ આવેલ છે.અને પ્લોટ નં.–૧ +૨ ની જમીન તથા પ્લોટ નં.–૧૨ ની જમીન વચ્ચે જાહેર શેરી / રસ્તો / માર્ગ છે. |

| | |
|---|---|
| ૩.૬ | આમ, ઉપરોક્ત મુદદા નં. ૩.૫ મુજબ ની વિગતો અભ્યાસે લેતા એ સ્પષ્ટ થાય છે કે, ફરીયાદી અરજદાર શ્રી એ, જીઈબી ના હૈયાત જોડાણ વાળી એવી સ્પષ્ટ અને ચોકકસ જગ્યા ખરીદેલ છે. સદર જગ્યા વેચાણ આપનાર શ્રી રાજેશભાઈ હરીલાલ મહેતા છે, તે બાબત સ્પષ્ટ છે. તેમજ, પ્લોટ નં.–૧ +૨ ની જમીન પર ના શેડ નં.–૩ મા આવેલ આ.જોડાણના બીલો મા પણ, પ્લોટ નં.–૧ +૨ નુ સરનામુ નહી પણ પ્લોટ નં.–૧૨ નુ સરનામુ નોંધાયેલ છે. જેથી, ફોરમ કમિટી ને, પ્રથમ દ્રષ્ટીએ જ સદર કેઈસ પણ, ઉપરોકત મુદદા નં. ૩.૧,૩.૨ અને ૩.૩ મુજબ ની વિગતે ની વિસંગતતા મુજબ નો જ હોવાની બાબત સ્પષ્ટ જણાયેલ છે. સદર વિસંગતતા, ''જે ફરીયાદી અરજદાર શ્રી તરફથી દુર કરવાનો આગ્રહ રાખવાને બદલે, પીજીવીસીએલ કક્ષાએથી, એટલેકે – સબંઘક કાર્યપાલક ઈજનેર શ્રી ની સીઘી રાહબારી, સીઘી દોરવણી, માર્ગદર્શન અને નિરીક્ષણ હેઠળ, સુવ્યવસ્થિત ટીમ ની રચના કરી '' પેટા વિભાગીય કચેરી કક્ષાએથી થી જ દુર કરવાની બાબત પીજીવીસીએલ માટે નિયમાઘીન યોગ્ય ,વ્યાજબી અને જરૂરી હોવાની બાબત– સદર કેઈસ મા ફોરમ કમિટી ને સ્પષ્ટ જણાયેલ છે. |
| ૩.૭ | જેથી સદર કેઈસ મા, '' ખાસ કરીને વિભાગીય કચેરી ના વડા ની સીઘી રાહબારી, દોરવણી અને માર્ગદર્શન હેઠળ ની રચિત ટીમ દ્વારા '' – વાવડી ગામ ના સર્વે નંબર : ૩૫ પૈકી ૨ ની જમીન પર ના હાલ ના પ્લોટ નં.–૧ +૨ તથા પ્લોટ નં.–૧૨ મા, હાલ ના તબ્બકે ના સદર કુલ ૦૮ શેડ ( ૦૫ + ૦૩ = ૦૮) માહે ના – પ્રત્યેક પ્લોટ નંબર મા બાંઘકમ થયેલ એવા પ્રત્યેક શેડ મા આવેલ, પ્રત્યેક કનેકશન, જે ખરેખર યથા યોગ્ય વ્યકિતી ની માલીકી / ભોગવટા હેઠળ નો, જે ખરેખર યથા યોગ્ય પ્લોટ પર બાંઘકામ થયેલ એવા યથા યોગ્ય શેડ મા જ ખરેખર આવેલ છે કે કેમ? તે બાબતે ની ખરાઈ – જે પ્રત્યેક પ્લોટ નંબર તેમજ શેડ નંબર મા આવેલ જોડાણ, જે ખરેખર યથા યોગ્ય વ્યકિત / ગ્રાહક ના નામે જ રાખવા બાબતે ની પૂર્તતા – જે સદર તમામ ૦૮ કેઈસોની મુળ કેઈસ ફાઈલો હાથ પર લઈને – પ્રત્યેક પ્લોટ ના પ્રત્યેક શેડ ના પ્રત્યેક જોડાણ ના પ્રત્યેક વ્યકિત ના નામના કનેકશન ની યર્થાથતા નકકી કરતા દસ્તાવેજીક પેપર્સ યોગ્ય કેઈસ ફાઈલ મા મુકી અને, યોગ્ય કને.. ના યોગ્ય નામઘારક નુ, યોગ્ય પ્લોટ નંબર અને યોગ્ય શેડ નંબર સાથે નુ સુવ્યવસ્થિત સરનામુ પણ, નવેસર ની યોગ્યતા સાથે નકકી કરી, અને યથા યોગ્ય જોડાણ ના નિયમીત બીલીગ એકાઉન્ટ મા પ્રસ્થાપિત કરી, આ મુજબ પ્રત્યેક જોડાણ ની કેઈસ ફાઈલો મા રહેલ અગાઉ રહેલ વિસંગતતાઓ દુર કરવાની કામગીરી, જે સબંઘક પેટા વિભાગીય કચેરી માટે અત્યંત આવશ્યક છે. તદ ઉપરાંત, સદર કેઈસ મા જરૂર જણાય તો, ખાસ કરીને યર્થાથ જોડાણ ને યર્થાથ શેડ નંબર સાથે પણ સુવ્યવસ્થિત કરવા માટે, સદર બન્ને પ્લોટો (પ્લોટ નં.–૧ +૨ તથા પ્લોટ નં.–૧૨) ના કુલ ૦૮ શેડ ( ૦૫ + ૦૩ = ૦૮) ની, પ્રત્યેક જોડાણ ની પ્રત્યેક જગ્યા પર રૂબરૂ ઉપસ્થિત રહી, ફીઝીકલ / ભૌગોલીક ચકાસણી કરી, અને તે મુજબ, પ્રત્યેક જોડાણ ના હૈયાત સ્થાન ની યોગ્યતા નકકી કરવાની બાબત પણ સબંઘક કચેરી માટે નિયમાઘીન છે. આમ, પીજીવીસીએલ કક્ષાએથી, સદર મા જણાવ્યા મુજબ ના, , સદર બન્ને પ્લોટો (પ્લોટ નં.–૧ +૨ તથા પ્લોટ નં.–૧૨) ના કુલ ૦૮ શેડ ( ૦૫ + ૦૩ = ૦૮) ની, પ્રત્યેક જોડાણ ની પ્રત્યેક જગ્યા ની નિયમાઘીન યર્થાથતા નકકી થતા, સદર કાર્યવાહી ની આખરી ફલશ્રુતી રૂપે, ફરીયાદી અરજદાર શ્રી ની સવાલવાળા જોડાણ ની ખરેખર પ્લોટ નંબર અને શેડ નંબર ની યર્થાથતા, જે પીજીવીસીએલ કક્ષાએથી ચોકકસ નકકી થઈ શકશે. આમ થતા, ફરીયાદી અરજદાર શ્રી ની સદર સવાલવાળા જોડાણ ની કેઈસ ફાઈલ ની વિસંગતતાઓ, જે આપોઆપ દુર થતા, ફરીયાદી અરજદાર શ્રી ની સવાલવાળી ફરીયાદ નુ પણ પીજીવીસીએલ ની કક્ષાએથી નિરાકરણ થશે. જેથી, સદર બાબતે ની કાર્યવાહી, જે '' વિભાગીય કચેરી ના કાર્યપાલક ઈજનેર શ્રી ની અંગત કક્ષાએથી'' જે, દિન–૧૫ મા, અરજદાર શ્રી તેમજ અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ પૂર્ણ કરી, અને તે અન્વયે ફરીયાદી અરજદાર શ્રી ની ફરીયાદ નુ, પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ લાવવા માટે નો, પીજીવીસીએલ ની વિભાગીય કચેરી ના વડા ને, જે ખાસ કરીને, વર્તુળ કચેરી ના વડા એવા અધિક્ષક ઈજનેર શ્રી, તેમજ નિગમીત કચેરી ના વડા એવા મુખ્ય ઈજનેર (ટેક) શ્રી ની જાણકારી હેઠળ, આદેશ આપવાનો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

<u>મુદદા નં.-૪ :</u> **<u>હુકમ</u>**

| | |
|---|---|
| <u>૪.૧</u> | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૭ મા વર્ણવ્યા મુજબ ની વિગતે ની, વિભાગીય કચેરી કક્ષાના વડા ની અંગત કક્ષા હેઠળ ની કાર્યવાહી હેઠળ જ, ફરીયાદી અરજદાર શ્રી ની સદર ફરીયાદ નુ દિન–૧૫ મા નિરાકરણ કરવા માટે નો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

<u>નોંધ</u> જો સદર નિણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર,** "**નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫**" **સમક્ષ** લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..